ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૬૦૫.૦૦ લાખની જોગવાઈ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૩૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **GSC/e-file/17/2022/0007/જ,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧-૦૯-૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭-૦૪-૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/CNI/e-file/17/2021/0001/B.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૧-૦૪-૨૦૨૨નો પત્ર ક્રમાંક:અજાક/મ/૧/૨૦૨૨/૪૧૫૨-૫૩.

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૨-૦૯-૨૦૨૨નો પત્ર ક્રમાંક:અજાક/મ/૧/૨૦૨૨/૬૭૯૯-૬૮૦૦.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે વર્ષ:૨૦૨૨-૨૩માં રૂ.૬૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની બજેટ જોગવાઈ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમ(૧) પરના બજેટ શાખાના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે રૂ.૬૦૫.૦૦ લાખ ફાળવી આપવાની બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ(૨) અને ક્રમ(૩) પરના પત્રથી વર્ષ:૨૦૨૨-૨૩માં થયેલ બજેટ જોગવાઇ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૩૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ છૂટી કરવા મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે, પુખ્ત વિચારણાના અંતે, વર્ષ:૨૦૨૨-૨૩માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૬૦૫.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી પ્રથમ હપ્તાની રૂ.૩૦૦.૦૦ લાખ (રૂપિયા ત્રણસો લાખ પુરા) ની વહીવટી ગ્રાન્ટ, નીચે મુજબની શરતોને આધિન, ફાળવવાની મંજૂરી આપવામાં આવે છે:-

(૧) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં જે-તે માસના અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

ઉક્ત શરતો ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ(૧)માં દર્શાવેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭-૦૪-૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B ની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૧ SCW-13 (BCK-40) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ(વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૯-૦૯-૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- ઉકત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ
- શાખા સિલેક્ટ ફાઇલ